મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

# الهادى

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧૮ ઝિલહજ્જ ૧૪૨૮ હિ., ૨૭-૧૨-૨૦૦૭

## અલવી મુમેનીનને અલવી પૈગામ – મીસાક હક્કનું નિશાન છે.

## –::: ઈદે ગદીરે ખુમ્મ મુબારક :::–

ઈન્સાન પોતાના ખાલિકની ઈબાદત બે તરહથી કરે છે. એક તે ઈબાદત જે બીજા લોગોની નઝરને સામે હોય જેમકે રોઝા-નમાઝ વગૈરા અને બીજી તે ઈબાદત જે એના સિવાય બીજું કોઈ જાણતું ન હોય જેમકે નાફેલતની નમાઝો-સદકો વગૈરા. ઈન્સાનની જેટલી બાતિની ઈબાદત પુખ્તા-મઝબૂત હશે એટલી જ એની ઝાહિરી ઈબાદત મુકમ્મલ હશે. આ જ તરીકા પર ઈન્સાનની ઝિંદગીના પણ બે પહેલુ છે - બાહરી અને અંદરૂની. ઈન્સાનની અંદરૂની - ઝાતી ઝિંદગી જેટલી સાફ - સુથરી તૈયેબ - તાહેર હશે એટલી જ એની બાહરી-સમાજી ઝિંદગીમાં તેહસીન અને ખૂબસૂરતી ઝલકશે. ઈન્સાન પોતાના જિસ્મો જાનના ઝરીએ ઝિંદગીનો સફર તય કરતો હોય છે. **જિસ્મ સાથે અમલ હોય છે અને જાન સાથે ઇલ્મ હોય છે.** ઈન્સાનમાં જેટલું ઈલ્મ ઝિયાદહ એટલા એના અમલ ઝિયાદહ; અમલના સબબ એનું જિસ્મ હલકું અને ઈલ્મના સબબ એનો નફસ-જાન પાકીઝા.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં **"મુશ્રેકીન"** ની ઝિક્ર કરે છે અને ફરમાવે છે કે, મુશ્રેકૂન નાપાક છે. યહાઁ મુશ્રેકૂનની ઝાહિરી માઅના એ થાય છે કે, જેઓ અલ્લાહતઆલાની વહદાનીયતમાં બીજાને શરીક કરે. બાતિની માઅના એ થાય કે, દાઅવતના દરજાના સાહબની વલાયતમાં બીજાને શરીક કરવા. આ બેવે તરહની માઅના ના લોગો મુશ્રેકીન કહેવાય અને તેઓ જિસ્માની નાપાકી કરતા દિલો જાનથી વધારે નાપાક છે. જો અગર અલ્લાહ એક છે, તેનું દીન-ઈસ્લામ એક છે, તેની કિતાબ-કુરઆન એક છે, તેના રસૂલ-મોહંમદ (સ.અ.વ.વ.) એક છે, તેની શરીઅત એક છે તો રસૂલના કાઈમ મકામ પણ એક જ હોય અને ઝમાનામાં એ જ સાહબની વલાયત વાજિબ થાય કેમકે ઈન્સાનના જિસ્મમાં દિલ એક જ છે. દાઅવતના સાહબની વલાયત દિલ સાથે વાબિસ્તા છે અને આ વલાયતની રૂહ એ જ મીસાક-બયઅત છે.

**મુમિનોં હુકમે શરીઅત યાદ રખના ચાહીએ, જો કહે હક્ક કે ધની વો કામ કરના ચાહીએ,**
**બઢ ન જાએ ઉમ્ર ઉનકી યે રહે હર દમ ખયાલ, જલ્દ અપને બચ્ચોં કા મીસાક લેના ચાહીએ.**

ઈસ્લામ અગર જિસ્મ છે તો તેની રૂહ ઈમાન છે. રૂહાની તાકત, જિસ્માની તાકત ઉપર ગાલિબ થઈ જાય છે, હાવી થઈ જાય છે. જેમ રૂહ ની હરારત-ગરમીથી જિસ્મ તાઝા રહે છે તેમ ઈમાન ની હરારતથી ઈસ્લામ ઝિંદા રહે છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.), આખિરી હજ્જ પઢવા તક દીને ઈસ્લામના તમામ અહકામ-આઅમાલને ઉમ્મતના લોગો તક પહોંચાવી ચુકા હતા, ઈસ્લામનું પૂરૂં જિસ્મ તૈયાર થઈ ચુકું હતું. ફક્ત તેના દિલને ઝિંદા કરવું અને તેમાં રૂહને ફૂંકવી બાકી હતી. હિ.૧૦, ૧૮ ઝિલહજ્જના દિન ગદીરે ખુમ્મની મુબારક જગા પર રસૂલે ખૂદા ઉપર અલ્લાહનો આખિરી અને સખ્ત પયગામ લઈને જિબ્રઈલ નાઝિલ થયા. હુકમે ખુદાવંદી થયો કે, અય રસૂલુલ્લાહ, અલ્લાહ ચાહે છે કે **તમેં તમારી જગા પર અલીને કાઇમ કરો, એની વલાયતનો ઇઝહાર કરો અને એ વાસ્તે તમામથી બયઅત-મીસાક લો.** જેમ દિલની ધડકન અને રૂહ બગૈર જિસ્મ બેમાઅના-બેમતલબ-બેકાર થઈ જાય છે, ખુદની હસ્તીને ખોઈ બેસે છે તેમ ઈમાન અને વલીયુલ્લાહની વલાયત બગૈર ઈસ્લામનો વુજૂદ નામુમ્કિન છે.

આ દુનિયામાં હર ચીઝનો કોઈનો કોઈ માલિક હોય છે અને તે માલિકનો મુખ્તાર અલ્લાહતઆલા છે. દીને ઈસ્લામના માલિક-મુખ્તાર અલ્લાહતઆલા છે. અંબિયા-ઔસિયા-અઈમ્મત-દોઆતને આ દીનની

મિલકીયત અમાનત તરીકે સોંપવામાં આવી છે. આ ઈસ્લામની દાઅવતને સોંપતા પહેલા અલ્લાહે તેના હર નબીનો મીસાક લીધો અને તે પણ સખ્તમાં સખ્ત. લેહાઝા હર નબી હમારે વાસ્તે અમીન થયા અને પાછો તેમને હુકમ થયો કે તેઓ પોતાની ઉમ્મતનો મીસાક લે જેના સબબ ઉમ્મતના લોગો શરીઅત પર અને કિતાબુલ્લાહ પર બરાબર ચાલે. અંબિયા ગુઝરી જાવા બાદ તેમની પાક ઔલાદ યાઅની ઈમામોમાં તેમની સુન્નતોને રાઈજ-જારી કરવાનો સિલસિલો આગલ ચાલો જેમાં બયઅત લેવાની સુન્નત અહમ-અવ્વલ હતી. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આખિરૂન્નબીયીન છે યાઅની હમારા આખિરી નબી છે અને આપે આપની ઝિંદગીના આખિરી અય્યામમાં લોગોનો મીસાક લીધો, અલીને કાઈમ કીધા અને ઈસ્લામને તમામ કીધું. આપની આ મુબારક સુન્નત આલે મોહંમદના ઈમામો-દોઆતોમાં આજે પણ જારી છે. હમારા વાલિદે રૂહાની દાઈએ રહેમાની હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) હર સાલ મુમેનીન નો મીસાક લઈ આ સુન્નતે અંબિયા (અ.સ.) ની બરકતના મીઠા પાનીના ઝરણાંથી મુમેનીનને સૈરાબ કરે છે.

**ઝોહદો તકવા કી ઝરૂરત હે બરાએ મીસાક, યાઅની નુકસાન અમલે બદ સે ન પાએ મીસાક,**
**અમલે નૈક કરો બાલ સે બારીક હે યે, કહીં ઝટકા ન લગે ટૂટ ન જાએ મીસાક.**

અવામના ખલીફાઓએ પણ આ રસમને માની, મગર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના હાથ પર આપેલા મીસાકને તોડો, અલી (અ.સ.) ને છોડા પણ પોતે પોતાને ઉમ્મતનો મીસાક લેવા વાસ્તે હક્કદાર માના. આ જ લોગોએ મૌલાના અલી (અ.સ.) ને મીસાક વાસ્તે તલબ કીધા, બેઈઝઝતી કીધી, પણ શું સાહેબે હક્ક કોઈ વક્ત બાતિલ ને મીસાક આપે ? **યઝીદ પલીદ ઇમામ હુસૈનને મીસાક વાસ્તે બોલાવા, તો શું અલીના શાહઝાદા એક શરાબખોર-ઝિનાઝાદાને પોતાનો હાથ આપે ? હરગિઝ નહી !!!** બનુ ઊમય્યાના ખલીફાઓએ પણ લોગોથી મીસાક લેવાની રસમ ચાલું રાખી, જેના તેઓ હરગિઝ હક્કદાર ન હતા, અને આજે અવામના લોગો હમારા અકીદા અને હમારી આ મુબારક રસમને હઁસીમાં ઉડાવી દે છે, મઝાક કરે છે ! પણ હકીકતમાં કહીએ તો રસૂલે ખુદાની આ આખિરી સુન્નત, હિદાયત અને વસીયતને તર્ક કરીને એ લોગોએ ઈસ્લામનો મઝાક કીધો છે. ઈસ્લામના સાત અરકાનને બદલે એમાં કમી કરે છે. વલાયત અને પાકી જેવી એહમીયતની ચીઝો જે તેમના જિસ્મોને તો ઠીક પણ કલ્બો ઝમીરને પણ પાક કરી શકે એમ છે તેને જ તર્ક કરી દીધી છે. કોઈ સિસ્ટમની એક ચીઝને ન માનવામાં આવે તો સમઝી લેવું કે પૂરી સિસ્ટમને જ ન માની. આ એક ઊસૂલની વાત છે કે, ઈસ્લામ જેવા કામિલ-સાબિત દીનને માનવું હોય તો તેને પૂરેપૂરૂં જ માનવું જોઈએ. થોડું માનવું અને થોડાને છોડી દેવું એ કઈ દીનદારી ન કહેવાય એટલે જ તો રસૂલેખૂદા વાસ્તે અલ્લાહે ફરમાવું કે, જો તમેં વલાયતના રૂકનને લોગો તક નહીં પહોંચાવો તો **તમેં મારા આગલા કોઇ ફરમાનને નથી પહોંચાવું, એમ ગણાશે !**

દીને ઈસ્લામ, ઈમાનદારોની એક ફેક્ટરી મુજબ છે. ફેક્ટરીમાં કામદારો હોય છે, સુપરવાઈઝર હોય છે, મેનેજર હોય છે, યહાઁ તક કે આ તમામથી ઉપર તેના ડાયરેક્ટર હોય છે. ફેક્ટરીના કારોબાર-કામકાજની બધી જ લુગામ-કંટ્રોલ એના માલિકના હાથમાં હોય છે. કામદાર જેટલો હુશિયાર, ઈમાનદાર, વફાદાર હોય એટલો જ એ પોતાના ઉપરીની નઝરમાં અઝીઝ થાય અને એની તન્ખ્વાહ-પગાર પણ એ મુજબ જ વધે. કામદાર જો ફેક્ટરીના કાનૂનને માતહત કામ કરે અને હર સાલ પોતાના કોન્ટ્રાક્ટને નવો કરે તો ઠીક, નહીં તો તેને ફેક્ટરીનો દરવાઝો બતાવી દેવામાં આવે છે. **આ જ મિસાલ પર ઇમામુઝઝમાન (અ.સ.) ની રૂહાની-ઇમાની ફેક્ટરીનો હિસાબ છે.** ઈમામુઝઝમાન (અ.સ.) તેના ડાયરેક્ટર છે અને દાઈયુઝઝમાન તેના મેનેજર છે. મેનેજરની નઝરમાં જો કોઈ ઈમાનદાર મેહબૂબ-અઝીઝ હશે તો જ એની રસાઈ-પહોંચ માલિક તક થઈ શકશે. તે જ શખ્સ આ ફેક્ટરીમાં રહેવાનો હક્ક રાખે છે જે ઈમામુઝઝમાન (અ.સ.) સાથે મોહબ્બત-મવદ્દતનનો રિશ્તો રાખતો હોય, શરીઅત મુજબ અમલ કરતો હોય, પોતાની ઝિમ્મેદારી સમઝતો હોય, હર સાલ ઈમામે આલે મોહંમદ (અ.સ.) ની વલાયતના મીસાકને નવો કરતો હોય અને પોતાનો તમામ વક્ત આ રૂહાની રોઝી હાસિલ કરવા વાસ્તે ગુઝારતો હોય.

**ખિદરમંદ કા જાન ઔર માલ મીસાક, નહીં હોને દેતે વો પામાલ મીસાક,**
**યહીં કરતે હૈં વો દોઆ પૈશે બારી, કે યા રબ દિલા હમકો હર સાલ મીસાક.**

સાચા મુખ્લિ લોગો સાથે ફિસાદ કરનાર તબકો પણ હોય છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, લે કુલ્લે નબીયિન અદૂવુન, યાઅની હર નબીનો દુશ્મન હોય છે. મીસાક આપનાર સામે તેને તોડનાર ઝરૂર હોય છે. જેઓ મીસાક આપીને તોડી નાખે છે તેઓ ઈમાનદારો ને એમ કહીને બેહકાવે છે કે, ઝિંદગીમાં સાહેબે દાઅવતને ૧૪-૧૫ વરસે એક વક્ત જો મીસાક આપો હોય તો પછી હર સાલ મીસાક આપવાની ઝરૂરત નથી. એમની આ નિફાકભરી વાતો જ એમના નાપાક દિમાગનો આઈનો છે. જેમ હદસ થાય અને વુઝૂ તૂટી જાય, કિબ્લાથી નઝર હટે અને નમાઝ તૂટી જાય તેમ નાના-નાના ગુનાહ અને ઈમાનમાં કુસૂરથી મીસાકમાં ભંગાણ પડે છે, અમલ કમ્ઝોર થઈ જાય છે. લેહાઝા તેને નવો કરવો ઝરૂરી બને છે. જો અગર એક જ વક્ત મીસાક આપવું સહી હોત તો પછી અપને નમાઝ પહેલા હર વક્ત વુઝૂને શું કામ નવી કરીએ છીએ? હર નમાઝ પહેલા પાછી અઝાન શું કામ દઈએ છીએ? હર સાલ રમઝાનના રોઝા શું કામ રાખીએ છીએ? નમાઝની હર રકાતમાં શું કામ સૂરતુલ ફાતેહા પઢીએ છીએ? હર વક્ત નમાઝમાં શું કામ મોટો તહીયાતો પઢીએ છીએ? હર રોઝ શરીઅતના એક જ જેવા અમલ શું કામ કરીએ છીએ? શું આ બધું ઝિંદગીમાં અપને એક જ વક્ત કરતા હોત તો ! ના, શરીઅતથી ખિલાફ તો ન જ જઈ શકાય. આ બધું તો હુકમે ઈલાહી મુજબ કરવું જ પડે. મીસાક વાસ્તે બદકલામી કરનાર ફિસાદખોર લોગોને આ ચીઝો ઝિંદગીમાં એક જ વાર કરવી જોઈએ. કેમકે જે વાત એ લોગો મીસાક વાસ્તે કહે છે, તે શરીઅતના બીજા અમલ પર પણ લાગુ પડે છે. **જેમ જમન જમવાથી જિસ્મને તાકત મીલે છે તેમ મીસાક આપવાથી ઇમાનને તાકત મીલે છે.** જિસ્મને પૈદા કરતા પહેલા અલ્લાહતઆલાએ તેના વાસ્તે જમનનો બંદોબસ્ત કરી આપો, તો ઈમાનના સાહબને પૈદા કરતા પહેલા અલ્લાહતઆલાએ મીસાકને લેવું વાજિબ કીધું લેહાઝા આદમ (અ.સ.) ની તખ્લીક વકતે અલ્લાહે તમામ ફરિશ્તાઓનો આસ્માન પર આદમ (અ.સ.) ની વલાયતનો મીસાક લીધો.

અલ્લાહતઆલાએ ઈન્સાનની ઝિંદગીમાં તેને બે રિશ્તાઓથી જોડેલો છે - એક જિસ્માની અને બીજો રૂહાની. જિસ્માની રિશ્તો, તેને આ દુનિયામાં પૈદા કરનાર તેના વાલેદૈનથી વાબિસ્તા રાખે છે અને રૂહાની રિશ્તો તેના રૂહાની વાલેદૈન જે આ ઝમીન ઉપર અલ્લાહના હુજ્જત હોય છે - ઈમામ યા દાઈ તેના સાથે જોડાયેલા રાખે છે. રૂહાની રિશ્તો તે જ વકત કાઈમ થાય જયારે ઈન્સાની જિસ્મ અકલમાં અને સમઝમાં મુકમ્મલ થઈ જાય અને સિન્ને બુલૂગ (age of maturiy) પર પહોંચે. આ ઉમર પર પહોંચા બાદ તેના મુકમ્મલ જિસ્મમાં ઝમાનાનાં વલી, તેનો અહદ-મીસાક લઈને તેમાં વલાયતની રૂહ ફૂંકે છે અને રૂહાની તૌર પર ઝિંદગી બખ્શે છે. દાઈ, આલમે અબ્દા યાઅની મરકઝી-રૂહાની રાબેતા (Main Spiritual Connection) ના ઝરીઆ-સરચશ્મા હોય છે, જેને main power house યાઅની કે "ઊમૂદુન્નૂર" થી નૂરનો ફૈઝ હાસિલ થાય છે. **આ નૂરને દાઇ તેને મીસાક આપનારના દિલમાં મીસાક લેતી વક્ત ઊતારે છે.** તે વક્ત આ નૂરની ગિન્તી-મિકદાર ફક્ત એક નુકતા જેવી હોય છે જેને **"નુક્તતુન્નૂર"** કહે છે. મુમેનીનના ફરઝંદો પર દાઈયુઝઝમાન ને મીસાક આપા બાદ ઈલ્મ-અમલને સાથે ઝિંદગી ગુઝારવું ફરઝે ઐન અને વાજિબ થઈ જાય છે. જેમ જેમ મુમિન ઈલ્મો અમલ અને પરહૈઝગારીના દરજા
ચઢે છે તેમ તેમ આ નૂરના નુક્તાની મિકદાર ઝિયાદહ થાતી જાય છે. વલીની વલાયત કુબૂલ કરવાના સબબ તેની રૂહાનીયતમાં પણ દિન-બ-દિન ઈઝાફો થાતો જાય છે. આ નૂર, તે મીસાક આપનારની પૈશાની પર ચમકે છે જેની માઅરેફત-પરખ તે ઝમાનાનાં હક્કના વલી જ કરી શકે છે અને તે સબબ બાલિગ મુમિન મુસ્તજીબની તેના દાઈથી કરીબી અને શૌક વધતો જાય છે.

**રખો મઝબૂત હરએક વક્ત હરએક આઁ મીસાક, સાફ ઈકરાર હો, ઝાહિર હો કે પિન્હાઁ મીસાક,**
**રખતેં હૈ ઈસકો હરએક દમ બદિલો જાઁ મેહફૂઝ, અપના લે લેતેં હૈ જબ સાહબે ઈમાઁ મીસાક.**

જે લોગોનું આ ઊમૂદુન્નૂર (main spiritual power house) સાથે રૂહાની કનેકશન-ઈત્તેસાલ-મિલાપ હોતું નથી તેઓ વલાયતનાં નૂરથી ખાલી હોય છે. વલીયુલ્લાહના ઝરીએ અલ્લાહ તરફથી જે

રૂહાની ફૈઝ મીલવો જોઇએ તેનાથી તેઓ મેહરૂમ રહે છે. આમ તેઓ બાલિગ હોવા છતા ઈલ્મો અમલમાં નામુકમ્મલ અને કાચા રહે છે. **આખિરકાર તેઓમાં નુક્તતુન્નૂરનો વુજૂદ ન રહેવાના સબબ તેઓ ઝોલોમાત-અંધકારમાં ફસાઇ જાય છે.** અલ્લાહતઆલા આયતુલ કુરસીમાં ફરમાવે છે કે, અલ્લાહના વલીની વલાયતના ઈન્કાર કરનાર વાસ્તે કોઇ મદદગાર રહેતું જ નથી, જે તેઓને ઝોલોમાત માંથી નીકાલીને નૂર તરફ લઇ જાય. હવે જેઓ મીસાક આપા બાદ શરીઅતના આઅમાલને બજા નથી લાવતા, વલીયુલ્લાહથી ઈલ્મને હાસિલ નથી કરતા, તેની ઇતાઅત નથી કરતા તો તેઓમાં આ નૂરનું નુકતું ધીમે ધીમે ઓઝલ થઇ જાય છે, બુઝાઇ જાય છે. સબબ કે, તેઓનું રૂહાની કનેક્શન કપાઇ ગયું હોય છે.

બીજી જમાઅત યા ગૈર અકીદાના લોગો સાથે અપના અકીદાને સરખાવવો કમઅકલી છે. એમ સવાલ કરવો કે, અપને બોહરા લોગો જ મીસાકમાં માનીએ છીએ, શું આ ચીઝ બીજા ફિરકામાં છે? ગલતફેહમીના શિકાર લોગો જ આ સવાલ કરી શકે છે. ગૈર બોહરા કૌમ જેમકે અહલે ઝાહિર, હશ્વીયાહ, નાસિબી લોગોના તો કોઇ દાઇ યા રાઇ યા રૂહાની દરજાના સાહબ નથી. વલાયતની અઝીમ નેઅમતથી એ લોગો બેનસીબ છે. મીસાક તો એ જ સાહબ લઇ શકે જે અલ્લાહ તરફથી નસ-બ-નસ કાઇમ થયા હોય. હવે જે ફિરકામાં આ ઈમામો-દોઆતનો પાકીઝા સિલસિલો જ ન હોય યા વલાયતના સાહબ જ ન હોય તો પછી સવાલ એ ઊભો થાય છે કે, કોણ મીસાક લે, કઇ ચીઝનો મીસાક લે અને મીસાક આપનાર કોને મીસાક આપે?

**મુબારક હો મુબારક તુમકો મીસાક, વલાયત ઔર અકીદત કા હે મીસાક,**
**ઉસી કી ઝિંદગી હોતી હે કામિલ, જો અપને દાઈ કો દેતા હે મીસાક.**

જમાઅતમાં એક એવો તબકો પણ છે જે એમ બદઝની-બદખયાલી રાખે છે કે, અપને અલવી જમાઅતમાં પૈદા થયા, અપના માઁ-બાપ અલવી તો અપને પણ અલવી, તો પછી મીસાક આપવાની શું ઝરૂરત છે ? આના જવાબમાં એમ કહી શકાય કે, જમાઅત અપના જિસ્માની રિશ્તાઓની ઈસ્લાહ વાસ્તે છે અને મીસાક ઈમામુઝઝમાન (અ.સ.) સાથેના રૂહાની રિશ્તાને કાઈમ કરવાનું નામ છે. **જમાઅતના હર રઇસ પોતાની રઇયત પાસેથી તેની વફાદારીનો અહદ-વચન લે છે** અને કોઇ શખ્સ વહાઁ તક જમાઅતનો ફર્દ નથી રહેતો જહાઁ તક એ એના રઈસના હુકમો ફરમાનને દિલો જાનથી કુબૂલ નથી કરતો. દુનિયામાં પૈદા થાનાર હર કોઇ દુનિયાની સિસ્ટમનો હિસ્સો નથી બનતો જહાઁ તક એ રોઝી કમાવવાના અસ્બાબ યા દુનિયાદારીને શીખી નથી લેતો. એ જ મુજબ અલવી જમાઅતનો શખ્સ પોતાને તે જ વક્ત સાચો અલવી મુમિન કહી શકે છે જે વક્ત તેના દિલમાં રઈસે જમાઅત-દાઈની પૂરેપૂરી માઅરેફત હોય. શું આ માઅરેફતની સીડી મીસાક બગૈર ચઢી શકાય છે? એ મુમ્કિન છે ?

ઉપર થયેલા બયાનનું મરકઝ ગદીરે ખુમ્મનું મૈદાન છે જહાઁથી અકસર લોગોએ રસૂલુલ્લાહ બાવાજીને મીસાક આપા બાદ ગદારી કીધી. હમ મુમેનીન તે ગદારી કરનાર લોગોની ફિતનતથી કોસો દૂર છે. ૧૮મી ઝિલહજ્જ ૧૦ હિ. ના દિન જે વાકેઓ ગદીરની જગા પર ગુઝરો તેનો મન્ઝર આ અય્યામમાં નઝર સામે ફીરી જાય છે. **હમારે વાસ્તે આ દિન ઇદે અકબર છે, મૌલાના અલીની જાઁનશીની અને તાજપોશીની યાદ તાઝા કરવાનો મુબારક યૌમ છે.** અલી મુશ્કિલ કુશા (અ.સ.) ની દાઅવતના ધણીને મીસાક આપવાનો યૌમ છે. આ યૌમે હમારા મૌલા ઈમામુઝઝમાન (અ.સ.) ની વલાયતને એમના નાઈબ દાઈયુઝઝમાન તજદીદ બખ્શે છે, નવો કરાવે છે. ઈન્શાઅલ્લાહો તઆલા આ રસ્મે મુબારકને અંજામ આપવા માઝૂનુદાઅવત સૈયેદી હાતિમ ઝકીયુદીન સાહબ (દા.મ.) યૌમે ઈદે ગદીરે ખુમ્મના મૌકા પર તૈયેબી મસ્જિદ, આજવા રોડ પર તશરીફ ફરમાવશે અને મુમેનીનનો મીસાક લઇ અલ્લાહના નૂરથી મુમેનીનના નફસોને મુનવ્વર મુઝય્યન કરશે. મુમેનીન આ ઝરીન મૌકાથી રૂહાની-નફસાની ફાયદો હાસિલ કરવા તે દિનની ઈબાદતમાં ખાલિસ નિય્યતથી પૂરી અકીદતમંદી સાથે શરીકો શામિલ થાય એમ દિલી ઉમ્મીદ છે. ★

**તુઝસે મીસાક હે, મીસાક કા હાસિલ તું હે, અંબિયા જિસ પે પહોંચતે હૈ વો મંઝિલ તું હે,**
**મરઝીયત તુઝે કિસ તરહ ન હાસિલ હો અલી, સારી દુનિયા કી તડપ જિસમેં હે વો દિલ તું હે.**